।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।

# ચતુર્વિધસંઘને મુંઝવતા પ્રશ્નો
# અને
# તેના સમાધાનો - ભાગ-૩
# વિહાર ખર્ચ

*** દિવ્યાશિષ ***

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
વિનેય સ્વ. પૂજ્યપાદ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ


:: **લેખક** ::

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
વિનેય સ્વ. પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી
મ. સાહેબના શિષ્ય મુ. ગુણહંસ વિ.



:: **પ્રકાશક** ::

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭.ટેલિ:૨૬૬૦૫૩૫૫


## :: સૌજન્ય ::

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને
શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
બીજાપુર (કર્ણાટક)ના જ્ઞાનદ્રવ્યમાંથી


પ્રથમ સંસ્કરણ:૨૦૦૦ વસંત પંચમી ૨૦૭૨


: નોંધ :

આ પુસ્તક માત્ર સંયમીઓ માટે છે. સંયમીઓને ઉચિત લાગે, તો તેઓ સુયોગ્ય ગૃહસ્થોને વંચાવી શકે.

# વિહાર-ખર્ચ

જૂના કાળની વાત અલગ હતી કે ચુસ્ત સંયમીઓ એકપણ માણસ સાથે રાખ્યા વિના કાશ્મીરથી કન્યાકુમારીનો વિહાર કરી શકતા, એના માટે એમને વૈયાવચ્ચખાતાના રૂપિયાની જરૂર પડતી ન હતી. કોઈ શ્રીમંત શ્રાવકની શ્રીમંતાઈનો પણ એમને ઉપયોગ કરવો પડતો ન હતો. સાઈકલવાળો તો દૂરની વાત, પણ નાનકડું પોટલું ઉંચકનારો માણસ રાખવો એ પણ પાપ લેખાતું, શિથિલતા લેખાતી...

પણ કાળ કાળનું કામ કરે જ છે.

● આજે નાના-મોટા દરેક ગ્રુપમાં સાઈકલવાળો માણસ પ્રાયઃ હોય જ છે.

● જેઓ ડોળી વાપરે છે, તેમના ગ્રુપમાં ૧ ડોળી દીઠ ઓછામાં ઓછા બે માણસો... એમનો સામાન ઉંચકવા માટે સાઈકલવાળો અલગ હોય... દા.ત. એક ગ્રુપમાં ત્રણ ડોળી હોય, તો છ માણસો ઓછામાં ઓછા...

● ડોળીની પ્રતિકૂળતા કે એના અધિક ખર્ચને કારણે કેટલાક ગ્રુપમાં વ્હીલચેરનો ઉપયોગ શરુ થયો. જે હવે તો ઘણી બધી જગ્યાએ વ્યાપક બનેલો છે. એમાં પણ એક વ્હીલચેર દીઠ એક માણસ તો ઓછામાં ઓછો...

● સાધ્વીજી ભગવંતોમાં ધારો કે ડોળી હોય, તો બે બહેનો ૧ ડોળી ન ઉંચકી શકે, ત્યાં ચાર બહેનો ૧ ડોળી ઉંચકે, અને વચ્ચે વચ્ચે એક-એક જણને વારાફરતી આરામ મળતો રહે, એ માટે એક બહેન એકસ્ટ્રા હોય. એટલે કે ૧ ડોળી દીઠ પાંચ બહેનો !

જો વ્હીલચેર હોય તો અત્યારે સાંભળવા મળ્યા પ્રમાણે કોઈપણ ૧ બહેન વ્હીલચેર ચલાવવા તૈયાર નથી... એટલે કે ૧ વ્હીલચેર દીઠ બે બહેનો ઓછામાં ઓછા !

સાધુઓ સાથે જે માણસો હોય,

સાધ્વીજીઓ સાથે જે બાઈઓ હોય,

એ કોણ હોય ? કેવા હોય ?... વગેરેની અત્યારે ચર્ચા નથી કરવી. અત્યારે આપણે એટલું જ જોવું છે કે આ બધાનો ખર્ચો કેટલો થાય છે ? અને એ કઈ રીતે પૂરો કરવામાં આવે છે ?

પહેલા આ માણસો કે બાઈઓ દિવસના ૧૦૦ રૂા. લેતા, પણ મોંઘવારી વધી અને એમની માંગ વધી એટલે એમનો પગાર પણ વધવા માંડ્યો, આજે કોઈપણ ભાઈ કે બાઈ ઓછામાં ઓછા ૨૦૦ રૂા. અને વધારે તો ૫૦૦ રૂા. કે તેથી પણ વધારે લેનારા હશે. પણ આપણે સરેરાશ ૧ માણસ કે બાઈ દીઠ ૩૦૦ રૂા. તો ગણી જ લેવા પડે.

હવે બીજી વાત...

જેમ બાર-પંદર-વીસ-પચાસના ગ્રુપો એક સાથે વિચરે છે, તેમ બે-ત્રણ-ચારના ગ્રુપો પણ વિહાર કરનારા ઘણા છે. આપણે સરેરાશ કાઢીએ તો દસ સંયમી દીઠ એક ગ્રુપ એમ ચોક્કસ ગણી શકીએ, એટલે ૧૦,૦૦૦ સંયમીઓ હોવાથી કુલ ૧૦૦૦ ગ્રુપ તો ઓછામાં ઓછા માનવા જ રહ્યા.→

આમ તો બધા જ ગ્રુપ માણસ રાખે જ એવો નિયમ નથી. પરંતુ

→ સાધ્વીજીઓના ગ્રુપમાં માણસ પ્રાયઃ હોય જ છે. છેવટે સુરક્ષા માટે પણ હોય છે.

વ્હીલચેરો વધી છે, એટલે પણ માણસો વધ્યા છે.

ડોળીમાં બમણા માણસો જોઈએ, માટે પણ માણસો વધ્યા છે.

એટલે ૧ ગ્રુપ દીઠ સરેરાશ બે માણસો હોવાની સંભાવના પાકી.

હવે કરીએ ગણિત...

૧૦૦૦ ગ્રુપ X ૧ ગ્રુપ દીઠ સરેરાશ ૨ માણસ = ૨૦૦૦ માણસો આજે સાધુ-સાધ્વીજીની સેવામાં છે.

પણ આ બધા પગારદાર છે, અને બધાનો ૧ દિવસનો પગાર

સરેરાશ ૩૦૦ રૂા. ગણીએ, તો

૨૦૦૦ માણસો X ૩૦૦ રૂા. (રોજના) = ૬૦૦૦૦૦ = ૬ લાખ રૂા.

આ થયો એક જ દિવસનો ખર્ચ !

શેષકાળના ૨૪૦ દિવસ વિહાર હોય છે, ચોમાસાના ૧૨૦ દિવસ વિહાર નથી હોતો. એટલે આ ખર્ચ ૨૪૦ દિવસ પ્રમાણે ગણવાનો રહે.

એટલે, ૬ લાખ X ૨૪૦ દિવસ = ૧૪૪૦૦૦૦૦૦ = ૧૪ કરોડ ૪૦ લાખ રૂા. થયા.

આ તો ઓછામાં ઓછો ખર્ચો ગણવામાં આવ્યો છે. કેમકે એ દરેક માણસોને ત્રણ ટાઈમ ખવડાવવાનો, બપોરના ચા-નાસ્તાનો, આવવા-જવાના ગાડીભાડાનો, લાંબા વિહારો ખેંચવામાં બમણો-ત્રણગણો પગાર આપવાનો, અચાનક કામ આવી પડે ત્યારે મોટો પગાર ચૂકવવાનો ખર્ચો તો બાકી જ છે.

આ બધો ખર્ચો જો વિચારવામાં આવે, તો એક માણસ દીઠ રૂા. ૧૦૦ ખર્ચો તો રોજનો વધી જ જાય. એટલે કે બીજા સાડા ત્રણ કરોડ આસપાસ ખર્ચો વધે.

આમ સ્પષ્ટ કહી શકીએ કે પ્રાયઃ દર વર્ષે સાધુ-સાધ્વીઓના માણસો પાછળ ભારતભરના સંઘો કે શ્રાવકો ૧૮ કરોડ આસપાસ ખર્ચો કરતા હશે.

હવે આ ખર્ચાની વ્યવસ્થા કઈ રીતે થાય છે ? એ પણ વિચારીએ.

• પુણ્યશાળી, પ્રભાવક આચાર્ય ભગવંતોની સેવામાં તો મોટા સંઘો અને શ્રીમંત શ્રાવકો પણ ખડેપગે તૈયાર હોય છે. એટલે તેઓના આ ખર્ચામાં તો પડાપડી થતી હોય છે.

• એમ પ્રભાવક સાધુઓ, પ્રભાવક સાધ્વીજીઓની પણ આ બાબતની વ્યવસ્થા ઝપાટાબંધ થઈ જાય છે.

• જેઓ સ્વયં પ્રભાવક નથી, પણ જેઓના સંસારી

પરિવારવાળાઓ સુખી છે, તેવા સંયમીઓની પણ બધી જ વ્યવસ્થા એ પરિવાર દ્વારા થઈ જતી હોય છે.

• જેઓ સ્વયં પ્રભાવક નથી, જેમના સંસારી પરિવારવાળાઓ પણ એટલા બધા સુખી કે ભાવનાશીલ ન હોવાથી આ વ્યવસ્થા કરતા નથી, પણ જેમના વડીલો-આચાર્ય ભગવંતો જ જેમની બધી વ્યવસ્થા સંભાળતા હોય છે... તેઓને પણ આ બાબતમાં કોઈ તકલીફ પડતી નથી.

પણ બીજા ઘણા બધા સંયમીઓ, એમાં પણ સાધ્વીજી ભગવંતોના ગ્રુપોને વિહારમાં માણસોના પગારની બાબતમાં ખાસ્સી તકલીફ પડતી હોય છે, એવું સાધ્વીજી ભગવંતોના અનુભવો સાંભળવાથી જાણવા મળ્યું છે. એ તકલીફો કેવા કેવા પ્રકારની હોય છે, એનું સચોટ વર્ણન તો તે સાધ્વીજીઓ જ કરી શકે, છતાં મને જેટલો ખ્યાલ છે, તેટલું અહીં દર્શાવું છું.

(૧) ધારો કે અમદાવાદથી મુંબઈનો ૫૦ દિવસનો વિહાર હોય, બે માણસના રોજના ૬૦૦ રૂા. લેખે ૩૦ હજાર રૂપિયા ચુકવવાના હોય, તો આટલી મોટી રકમ તો કયો સંઘ આપે ? દરેક સંઘની પોતાની એક મર્યાદા હોય, વળી બધાની ભાવના પણ ઉદાર નથી હોતી.

(૨) એટલે ઘણા સંઘોમાં એવું બને કે તેઓ ૧ દિવસ કે ૩ દિવસનો પગાર આપે, વધારે નહિ,

(૩) જેમ શેઠિયાઓ પોતાના નોકરોને સમયસર પગાર ન આપે, પરેશાન કરે, પછી આપે... એમ અહીં પણ સંઘની પેઢી પર કામ કરનાર મેનેજરો - મુનીમો 'એને પગાર આપવાનું કહેવામાં આવ્યું હોય' તો પણ સીધેસીધો પગાર ન આપે, ખટપટ કરે, હા-ના કરે... સંયમીઓ સાથેના માણસો તો સીધા સંયમીને જ ફરિયાદ કરવા આવે. માણસ જતો ન રહે એ માટે સંયમીએ પેઢી પર જવું પડે.

(૪) હવે જુઓ, આ રીતે પેઢી પર જનારા સાધ્વીજી વડીલ

તો ન જ હોય. કારણકે વડીલ સાધ્વીજી એવી રીતે જાય નહિ, એ કદાચ નાનાને મોકલે, હવે યુવાન નાના સાધ્વીજીઓએ પેઢી પર જઈને ત્યાં કામ કરનારા પુરુષોને પગાર માટે વિનંતિ કરવી પડે.

(૫) આજના એ અજૈન માણસોની દૃષ્ટિ કેવી ? એ બધા જ જાણે છે.

(૬) તેઓ સાધ્વીજીને બરાબર જવાબ ન આપે, 'થોડીવાર પછી આવજો...' વગેરે કહે. 'અત્યારે પેઢીનું કામ બાકી છે.' એમ પણ જવાબ હોય...

(૭) વિહારોમાં આવતા તીર્થોમાં તો મુનિમોનો રૂવાબ કોઈક અલગ જ પ્રકારનો હોય. અરે ! તીર્થના જૈન ટ્રસ્ટીઓને પણ એ ભાન ન હોય કે 'સંયમીઓ સાથે મારે કેવો વ્યવહાર કરવાનો હોય...'

(૮) સાધ્વીજીઓએ ઘણીવાર તો બે-ત્રણ ધક્કા ખાવા પડે, ત્યાં પાંચ-દસ મિનિટ ઉભા રહેવું પડે, ક્યારેક તો રીતસર આજીજી કરવી પડે, અરે ! એવા પ્રસંગો પણ બન્યા છે કે ભીરુસ્વભાવવાળા સાધ્વીજી આ બધાના કારણે રડી પણ પડ્યા હોય...

(૯) કલ્યાણમાં મળવા આવેલા શ્રાવકોએ મને કહ્યું કે 'મ.સા. ! શંખેશ્વરથી પાલિતાણાનો સંઘ પૂરો થયો, હવે સંઘવીની જવાબદારી તો પૂરી થઈ. સાધ્વીજીઓએ ત્યાંથી ગિરનાર જવું હતું, પણ એમની સાથેના માણસોના પગારનું શું ? અમે તો એમને કામકાજ અંગે પુછવા ગયા, માણસોના પગાર માટે પુછયું, ત્યારે તેઓએ એકદમ સંકોચ સાથે કહ્યું કે 'તમને કેટલા દિવસનો પગાર ફાવશે ?' અમે કહ્યું 'મ.સા. ! આપે ક્યાં જવાનું છે ? ગિરનાર ને ? બધો જ લાભ અમને આપી દો...'

એ વખતે એ સાધ્વીજી ભ.ના મુખ પર જે પરમસંતોષ દેખાયો, એનાથી અમને ય મોટો લાભ મળ્યાનો આનંદ થયો. એમ લાગતું હતું કે જાણે કે એ સાધ્વીજીની એક મોટી ચિંતા ઓછી થઈ ગઈ....

હવે તમે કલ્પના કરો, સાધ્વીજી ભ.ને તો સ્વાધ્યાયનો, આરાધનાનો, વૈયાવચ્ચનો... આનંદ હોય. આ શ્રાવકોએ

માણસોના પગારની વ્યવસ્થા ગોઠવાઈ ગયાનો પરમ સંતોષ સાધ્વીજીના મુખ ઉપર જોયો, એનો મતલબ શો ? એ જ કે એમને આવી તુચ્છ બાબતોની ચિંતા રહે છે.

એમાં દોષ એમનો છે જ નહિ, જો વ્યવસ્થા ન ગોઠવાય, તો વિહાર કેવી રીતે કરે ? માણસ વિના શીલસુરક્ષાદિથી માંડીને ઘણા પ્રશ્નો રહેવાના જ... એટલે તેઓને એ ચિંતા થાય એ હકીકતમાં તો સંયમના પાલનની ચિંતામાંથી ઉત્પન્ન થયેલી ચિંતા છે.

દોષ તો છે જવાબદાર વ્યક્તિઓનો ! છેવટે શ્રાવકોનો ! મા-બાપના સ્થાને બેઠેલા એ શ્રાવકો શું પોતાના સંતાન સમાન શ્રમણી ભગવંતોની આ હાલત જોયા કરશે ?

ભલે સામાન્ય સાધુઓ કે સામાન્ય શ્રાવકો આ જવાબદારી ન નિભાવી શકે, પરંતુ જેઓ પ્રભાવક આચાર્ય ભગવંતો છે, પુણ્યશાળી આચાર્ય ભગવંતો છે, તેઓની તો આ જવાબદારી ખરી જ ને ?

એમ જેઓ શ્રીમંત શ્રાવકો છે. કરોડો-અબજો રૂપિયાના માલિક છે, તેઓની તો આ જવાબદારી ખરી જ ને ?

યાદ રાખો...

શ્રમણીઓની ઉંચાઈ શાસનમાં ઘણી બધી છે, અને એ રહેવી જ જોઈએ.

શ્રમણીઓને મહત્ત્વ આપવાનું જ છે, એમાં કોઈપણ જાતની બાંધછોડ ન ચાલે.

જૈનશાસન માત્ર શ્રમણોના આધારે નથી ચાલતું, એમાં શ્રમણીઓનો ફાળો જોરદાર છે, કલ્પનાતીત છે...

તેઓ કદાચ સાક્ષાત શાસનપ્રભાવક ન પણ દેખાય, પણ પરોક્ષ રીતે એમના જેવા શાસનપ્રભાવિકાઓ ભાગ્યે જ શોધ્યા જડશે.

આચાર્ય હરિભદ્રસૂરિજી જેવા અતિ મહાન આચાર્યની શાસનને ભેટ આવનાર છે એક સાધ્વીજી યાકિની મહત્તરા !

વસ્તુપાલ-તેજપાલ જિનશાસનના પ્રભાવકમંત્રીઓ બન્યા, અનુપમાદેવીના પ્રતાપે !

કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરિજી શાસનને મળ્યા, એનું કારણ છે માતા પાહિની !

મહોપાધ્યાય યશોવિજયજી શાસનને મળ્યા, એનું કારણ છે એમની માતા !

ઈતિહાસનો અભ્યાસ મારો ઓછો છે, પણ વિશ્વાસ છે કે આવા તો ઢગલાબંધ પ્રસંગો શાસનમાં મળી આવશે.

જો શ્રાવિકાઓ પણ આવા કાર્યો કરી શકે, તો સાધ્વીજીઓની તો શી વાત કરવી ?

સો વાતની એક વાત... શ્રમણીઓનું ઔચિત્ય જળવાવું જ જોઈએ, શ્રમણીઓની શ્રેષ્ઠ ભક્તિ થવી જ જોઈએ. શ્રમણીઓની સુરક્ષા-કાળજી-મહત્તા થવી જ જોઈએ...

અત્યારે તો તેઓના વિહારખર્ચ માટેના પ્રશ્નનું સમાધાન શોધીએ.

## સમાધાન

કલ્યાણ જૈનસંઘ સ્થાનકવાસી ઉપાશ્રયમાં અમે એક દિવસ રોકાયા, જોગાનુજોગ ત્યાં પૂ. જયાનંદસૂરિજી (ત્રિસ્તુતિક)ના શિષ્ય મુનિ અક્ષયવિજયજીના સંસારી પિતાજી ધનજીભાઈ + સુરેશભાઈ બાફના (ભિનમાલ) + કાંતિભાઈ (પૂ.આ.ભ.ના સગા નાના ભાઈ) સૂર્યાસ્ત સમયે જ વંદન કરવા આવ્યા.

વાતો વાતોમાં આ જ પ્રશ્ન નીકળ્યો, એમાં ધનજીભાઈ વગેરેની વેદના અને ભાવના જાણીને મનને ખૂબ ટાઢક વળી. તેઓ ત્રણેય ત્રિસ્તુતિક સંઘના હતા, છતાં આખા ય જૈનશાસનના તમામ સંયમીઓની સાચી ચિંતા એમના અંતરમાં વસેલી અનુભવવા મળી. તેઓ માત્ર વાતોડીયા ન હતા, પ્રસંગો કહી કહીને માત્ર પ્રશ્નથી ડરાવનારા ન હતા, પણ એનો કોઈ નક્કર ઉપાય શોધવા માટે સખત પુરુષાર્થ કરનારા હતા. એમાં પણ ધનજીભાઈ તો ગળગળા થઈ ગયેલા, બે-ચાર વાર સ્પષ્ટ કહી ગયેલા કે 'મ.સા. ! આ બાબતમાં કોઈપણ મજબુત નિર્ણય લેવડાવો...'

તેઓ સાથે ૬ થી ૮... લગભગ બે કલાક સુધી ચર્ચા થઈ. મારા કરતા એમનો અનુભવ વધુ સારો હતો. એમણે જે સમાધાન દર્શાવ્યું, તે મારી ભાષામાં અને કંઈક સુધારા-વધારા સાથે અહીં દર્શાવું છું.

(૧) જે સંઘમાં જે સાધુ કે સાધ્વીજીનું કે બંનેનું ચોમાસું હોય, એ સંઘની આ જવાબદારી કે ચોમાસુ પૂરું થયા બાદ કારતક પુનમથી માંડીને આવતા ચોમાસાના પ્રવેશ સુધી એ સાધુ-સાધ્વીજીના વિહારાદિનો તમામ ખર્ચ એ સંઘ ભોગવે એટલે કે એ સંઘ જ એની વ્યવસ્થા કરે.

<u>દા.ત.</u> વિ.સં. ૨૦૭૧-૭૨નું મારું ચોમાસું બારડોલી હતું. અમે પાંચ સાધુઓ અને ૧૯ સાધ્વીજી ! હવે વિ.સં. ૨૦૭૨-૭૩નું મારું ચોમાસું મદ્રાસ છે. ૧૯ સાધ્વીજીઓમાંથી પૂ.સા.

અક્ષયપ્રજ્ઞાશ્રીજીનું ચોમાસું મુંબઈ માતૃ-આશિષ વાલકેશ્વરમાં છે. અમુકનું સુરત છે, અમુકનું ડીસા છે...

હવે અમારી સાથે એકપણ માણસ નથી, એટલે એનો ખર્ચો તો બારડોલી સંઘને થવાનો નથી. પણ મારે અને મારા એક શિષ્ય હેમગુણ વિ.ને પણ અમુક દવા લેવાની હોવાથી એનો ખર્ચો પણ થાય, વિહારમાં સાધુઓને ઘુંટણમાં દુઃખાવો થવાથી કદાચ ઘુંટણ પાસે પહેરવાના પટ્ટા ખરીદવા પડે...

બીજી બાજુ પૂ.સાધ્વીજી ભ. મુંબઈ સુધીનો વિહાર કરે, એમની સાથે માણસ હોય...

તો બારડોલી સંઘની જ આ જવાબદારી કે એ સંઘે ૫+૧૯ એમ કુલ ૨૪ સંયમીઓની આવતા ચોમાસા સુધીની ખર્ચની વ્યવસ્થા ગોઠવવી.

હા ! મારો મદ્રાસમાં પ્રવેશ થઈ જાય, સાધ્વીજીઓનો મુંબઈ-સુરત-ડીસા વગેરેમાં પ્રવેશ થઈ જાય, એટલે બારડોલીની જવાબદારી પૂરી !

મદ્રાસનું ચોમાસું પૂર્ણ થયા બાદ ધારો કે મારું ચોમાસું મદુરાઈમાં હોય, તો મદ્રાસસંઘે જ મદુરાઈમાં મારા ચાતુર્માસપ્રવેશ સુધીની જવાબદારી નિભાવવી.

બારડોલીમાં પૂ.પં.અનંતયશ મ.નું ચોમાસું છે, તો એમના ચોમાસા-પ્રવેશથી માંડીને એમના છેક આવતા વર્ષના ચોમાસા પ્રવેશ સુધીની જવાબદારી બારડોલી-સંઘની !

આ રીતે દરેકે દરેક સંઘ માટે સમજી લેવું.

(૨) વિહારમાં વચ્ચે મારે પુના વગેરે સંઘો આવે, તો પણ મારી જવાબદારી બારડોલીસંઘે જ નિભાવવાની. કારણ કે પુનાના સંઘો પોતાને ત્યાં પૂર્વનું ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજીની છેક આવતા વર્ષ સુધીની જવાબદારી નિભાવતા જ હોય.

(૩) ધારો કે મારે તત્કાળ કોઈક સંઘ પાસેથી પૈસા અપાવવા પડે, તો પણ પાછળથી બારડોલી સંઘે એ સંઘને ખર્ચ આપી જ દેવો.

એ ખર્ચ નાનો હોય કે મોટો હોય, પણ કોઈપણ સંઘને શરમમાં રાખવો નહિ.

તે તે સંઘ એમ જ કહેશે કે 'જરૂર નથી, અમને લાભ મળે...'

પણ એ સંઘ શરમના કારણે પણ આવું બોલે, અને કદાચ એ સાચું કહેતો હોય તો પણ બધા સંઘો માટે એ શક્ય નથી, એટલે આ નિયમ પાકો જ રાખવો કે રૂા. ૫૦૦ સુધી હજી ઠીક છે, પણ એનાથી વધારે એક રૂપિયાનો પણ ખર્ચ થાય, તો એ પૂર્વેના સંઘ પાસેથી અપાવવાનો જ.

(૪) આ ખર્ચો પહોંચાડવો આજના જમાનામાં એકદમ સરળ છે. બારડોલીવાળાને પુનાસંઘવાળા પોતાનો બેંક એકાઉન્ટ જણાવે, બારડોલીસંઘ ત્યાં બેઠા બેઠા જ એ એકાઉન્ટમાં પૈસા જમા કરાવે એટલે પુનાસંઘના એકાઉન્ટમાં પૈસા જમા થઈ જાય. લાંબી કોઈ મહેનત કરવાની રહેતી નથી.

(૫) ફરી સ્પષ્ટ કરી લો 'દરેક સંઘની જવાબદારી કેટલી ?'.... પોતાને ત્યાં ચાતુર્માસ-પ્રવેશ થાય, ત્યારથી માંડીને આવતા ચાતુર્માસપ્રવેશ સુધીની !

(૬) આ જવાબદારીમાં શું શું આવે ? સામાન્યથી આટલી વસ્તુઓ વિચારાય.

- સાઈકલવાળો માણસ.
- ડોળીવાળો માણસ.
- વ્હીલચેરવાળો માણસ.
- દવાઓનો ખર્ચ.
- સાઈકલ-ડોળી-વ્હીલચેર સંબંધી સમારકામ વગેરેનો ખર્ચ.
- વસ્ત્રાદિ ઉપધિઓ... (સ્ટેશનરી + ચશ્માદિ + મોજાદિ....)
- ઓપરેશનાદિનો મોટો ખર્ચ આવી પડે અને સંઘ સક્ષમ હોય તો એ પણ... (ઘણીવાર ઓપરેશનના ખર્ચા ૧૦ લાખથી પણ ઉપર જતા હોય છે, આટલા મોટા ખર્ચાને કદાચ સંઘ પહોંચી ન વળે તો

એની અલગ વિચારણા કરશું.)

(૭) સાધુ-સાધ્વીજીઓના તીર્થ આદિ પ્રોજેક્ટની જવાબદારી આમાં ન આવે, એમ મોબાઈલ વગેરે સાધનો કે એનો પાછળથી થતો ખર્ચ... આ બધાની જવાબદારી પણ સામાન્યથી આમાં ન આવે. શ્રીસંઘને ઉલ્લાસ હોય અને એ તે તે સાધુ-સાધ્વીજી ભગવંતોને એમના તે તે પ્રોજેક્ટમાં વૈયાવચ્ચાદિની રકમ આપવા માંગે તો એ એની ઈચ્છા ! પણ એ જવાબદારીમાં નહિ.

(૮) પ્રશ્ન એ થાય કે બધા સંઘ પાસે વૈયાવચ્ચ માટેના એટલા રૂપિયા છે ખરા ? દર વર્ષે ધારો કે પચાસ હજાર કે લાખ કે કદાચ વધારે પણ ખર્ચો આવે, તો એને એ સંઘો પહોંચી વળે એમ છે ખરા ?

મને લાગે છે કે આમાં પ્રાયઃ તો વાંધો ન જ હોવો જોઈએ. બારડોલી સ્ટેશન જેવા ૨૦૦ ઘરવાળા નાના સંઘે બહાર બીજા સંઘોને દસેક લાખ રૂા. વૈયાવચ્ચખાતામાંથી મોકલ્યા. બીજા એક નાનકડા સંઘમાં કુલ ૫૫ લાખ રૂા. વૈયાવચ્ચ ખાતામાં હતા. જે સંઘોમાં દીક્ષા થતી હોય, એ સંઘોમાં તો વૈયાવચ્ચખાતાની ઉપજ પણ મોટા પ્રમાણમાં થતી જ હોય...

શ્રી અઠવાલાઈન્સ જૈનસંઘ, શ્રી ઉમરા જૈનસંઘ જેવા સુરતના બે મોટા સંઘોમાં તો એટલી બધી ઉદારતા છે કે કોઈપણ સંયમી ત્યાં પધારે, એમને જયાં પહોંચવાનું હોય, ત્યાં સુધીનો બધો જ ખર્ચ એ સંઘો આપી દે છે.

(૯) સંઘ પાસે વૈયાવચ્ચખાતાના પૈસા ન હોય અને માટે એ ન આપી શકે એવું ભાગ્યે જ બને. અને માટે જ એવો સ્પષ્ટ નિર્ણય લેવાવો જોઈએ કે પૂજનીય ગચ્છાધિપતિશ્રીઓ તમામ સંઘોને આદેશ ફરમાવે કે "તમારે ત્યાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજીની એક વર્ષ સુધી બરાબર કાળજી કરવી. ઉપેક્ષા ન કરવી." તથા સૌ ભેગા મળીને એવો નિર્ણય પણ લઈ શકે કે 'જે સંઘ આ રીતે કાળજી ન કરે, એ સંઘને એકાદ-બે વર્ષ સુધી ચાતુર્માસ ન આપવું.'

આવી કોઈક વ્યવસ્થા થાય, તો શ્રીસંઘ પણ વધુ ઉલ્લાસથી,

વધુ જાગૃતિ સાથે કાળજી કરે.

આ શિક્ષાના કારણે દરેક સંઘો જાગ્રત થશે, અને સાધુ-સાધ્વીજીની કાળજી કરતા થશે.

(૧૦) સંઘના ટ્રસ્ટીઓએ એ ખાસ સમજવું જ જોઈએ કે 'તેઓ આ લાખો-કરોડો રૂપિયાના માલિક નથી, માત્ર વહીવટકર્તા છે. આ રૂપિયા સંગ્રહી રાખવા માટે નથી, પણ યોગ્યસ્થાને ઝડપથી વાપરવા માટે છે. ભવિષ્યની ચિંતા છોડીને વર્તમાનમાં એનો યોગ્યસ્થાને સદુપયોગ કરતા જ જાઓ.'

(૧૧) પૂ.ગચ્છાધિપતિશ્રીઓની એકતા આ કાર્ય માટે અનિવાર્ય છે. કોઈ એક સંઘ એક ગચ્છના સાધુ-સાધ્વીજીની એકાદવાર ઉપેક્ષા કરે, એ વખતે બીજા કોઈપણ ગચ્છાધિપતિશ્રી એ સંઘના શ્રાવકોની વિનંતિનો કે લાગવગનો ભોગ બનીને જો ચોમાસું આપી દે, તો એ સંઘને શિક્ષા ન થવાથી એ ભૂલ સુધારશે જ નહિ, એને જોઈને બીજા સંઘો પણ ઉપેક્ષા જ કરશે. પછી તો ભારતના કાયદાઓની જેમ આ નિયમ પણ માત્ર કાગળમાં છપાયેલો જ રહી જશે. માટે આવું ન જ થવું જોઈએ. એ સંઘના ટ્રસ્ટીઓ કોઈક ગચ્છાધિપતિશ્રીના પરમભક્ત હોય તો પણ એમણે એ સંઘને ૧-૨-૩ વર્ષ તો શિક્ષા કરવાની જ, એ ભક્તોની શરમમાં તણાઈ નહિ જવાનું.

(૧૨) આજે આ વ્યવસ્થા તેરાપંથ સમાજના સાધુઓમાં ચાલુ જ છે, એટલે આ સાવ નવો જ ઉપાય છે, એમ નથી. આ સફળ થઈ ચૂકેલો ઉપાય છે.

(૧૩) ત્રણેક પીઢ શ્રાવકોની આ કાર્ય માટે નિમણુંક કરવામાં આવે, જે પણ સાધુ-સાધ્વીજીની જે સંઘ ઉપેક્ષા કરે, એ સાધુ-સાધ્વીજી એ પીઢ શ્રાવકોને જણાવે. એ શ્રાવકો એની બરાબર તપાસ કરી લે, ખરેખર સંઘની ભૂલ જણાય, તો એ ત્રણ શ્રાવકોએ તમામ ગચ્છાધિપતિશ્રીઓને માત્ર એટલું જ જણાવવાનું કે 'આ સંઘને ૧-૨-૩ વર્ષ સુધી કોઈએ ચોમાસું આપવાનું નથી.'

આવા ત્રણ શ્રાવકોની નિમણુંક પૂ. ગચ્છાધિપતિશ્રીઓ જ કરે, અને એમને આવી સત્તા પણ તેઓ જ આપે.

(૧૪) મોટા ભાગે સાધુ-સાધ્વીજીઓ કરુણાવાળા અને બીજાની ભૂલોને ભૂલી જનારા હોય, એટલે તેઓ ખોટી ફરિયાદ તો ન જ કરે. અરે, જ્યારે હેરાનગતિ ઘણી વધારે લાગે, ત્યારે જ 'બીજા સંયમીઓ હેરાન ન થાય' એ માટે જ નાછુટકે તે તે સંઘ માટે કમિટિને ફરિયાદ કરશે.

(૧૫) હવે બે પ્રશ્નો બાકી રહ્યા...

● જેઓ સ્થિરવાસ છે, તેઓની જવાબદારી કોઈ સંઘની નથી, તો તેઓની વૈયાવચ્ચના ખર્ચાનું શું ?

● જે સંઘો પાસે વૈયાવચ્ચખાતાની રકમ હોવાથી તેઓ વૈયાવચ્ચની જવાબદારી ઉપાડી શકે તેમ નથી, તેઓનું શું ? તેઓ કંઈ શિક્ષાને પાત્ર નથી જ.

આનું સમાધાન...

જે સ્થિરવાસ જ છે, એમને તો વિહાર જ ન હોવાથી વિહારસંબંધી ખર્ચો જ નથી. હા ! વૃદ્ધત્વાદિનાં કારણે કોઈ માણસ સેવા માટે રાખેલો હોય, તેનો અને દવા વગેરેનો ખર્ચો ચોક્કસ રહે.

જો આવા સંયમીઓને સ્થાનિક સંઘ જ હોંશથી સાચવી લેતો હોય, તો તો કોઈ ચિંતા જ નથી. પણ જો સ્થાનિક સંઘ સાચવી શકે એમ ન હોય તો આવા સંયમીઓની જવાબદારી કાં તો તેઓશ્રીના ગચ્છાધિપતિશ્રીઓ જ સ્વીકારી લે... અથવા તો પછી પીઢ શ્રીમંત ઉદાર શ્રાવકો કહી દે કે 'આ જવાબદારી અમારી...'

આજે દર મહિને ૧ લાખ રૂ. આવા કાર્ય માટે આપનારા જૈન શ્રાવકો માત્ર મુંબઈમાં જ હજારોની સંખ્યામાં મળી રહે, અમદાવાદ-સુરત-બેંગ્લોર વગેરેને યાદ પણ ન કરવા પડે. હવે દર મહિને માત્ર ૧૦૦ શ્રાવકો લાખ લાખ આપે, તો ય કુલ ૧ કરોડ રૂ. મહિનાના થાય. વર્ષે બાર કરોડ થાય. ઉપર દર્શાવેલા સ્થિરવાસી સંયમીઓ અને અસમર્થ સંઘો માટે આ બાર કરોડ રૂ. પ્રાયઃ તો પૂરતા જ છે.

એવું બિલકુલ માનશો નહિ કે 'આ પ્રશ્ન ઉપજાવી કાઢેલો જ છે, એકાદ ટકાને જ આવી તકલીફ છે, આ તો કાગનો વાઘ બનાવી દીધો છે.'

જેમના અબજોપતિ ભક્તો હજારો છે, એવા આચાર્ય ભ.ના નિશ્રાવર્તી સાધ્વીજીઓના શબ્દો છે કે 'અમે પૂ.આ.ભ.ની સાથે હોઈએ, ત્યારે તો કોઈ જ મુશ્કેલી નથી પડતી, પણ જ્યારે અમે અલગ વિહાર કરીએ, ત્યારે વિહારના માણસોનો ખર્ચો વગેરે બધા પ્રશ્નોનો અમારે સામનો કરવો ખરેખર અઘરો પડે છે. પણ કાયમ માટે પૂ.આ.ભ.ની સાથે જ વિચરવું એ શક્ય પણ નથી અને યોગ્ય પણ નથી.'

આ એક બાજુનું સમાધાન...

વાસ્તવિક સમાધાન તો એ છે કે

(A) આજના વિહારો ઢગલાબંધ દોષોથી ભરેલા છે... અકસ્માતાદિ...

(B) પૂ.સાધ્વીજીઓને વિહારો વિશેષ કારણ વિનાના છે... તીર્થયાત્રાદિ માટેના જ...

(C) જો પૂ.સાધ્વીજીઓને આવા વિહારો કરવાની ના પાડવામાં આવે, મૂળવિધિને સાપેક્ષ બનીને બે-બે મહિના એક-એક ક્ષેત્રોમાં રોકાઈને સ્વાધ્યાયાદિમાં લીન બનાવવામાં આવે તો આ બધા ખર્ચાઓ એની મેળે જ ઘટી જાય છે.

(D) પૂ.સાધ્વીજીઓને એક જગ્યાએ એક-બે માસ રોકાવાનું મન થાય, એ માટે

એમને લક્ષ્ય આપવું કે 'તમારે આટલા મહિનામાં આટલો અભ્યાસ પરીક્ષાપૂર્વક કરવાનો.'

એમને કામ સોંપવું કે 'તમારે સ્થાનિક સંઘના બહેનોને આટલું ભણાવવાનું, આટલી જયણા શીખવાડવાની, આટલા કાર્યો કરાવવાના...'

એમને શાસ્ત્રપાઠો દેખાડવા કે 'તીર્થયાત્રાદિ માટે વધુ

વિહાર કરનારા સાધ્વીજીઓને કેટલા મોટો દોષો દર્શાવેલા છે, સાધ્વીજીઓ માટે દરેક સ્થાને ૧-૧ નહિ, પણ બે-બે માસ રોકાવા રૂપ માસકલ્પ શાસ્ત્રોમાં દેખાડેલો છે.'

જો વડીલો તરફથી જ એમને સખત-સતત પ્રેરણા-માર્ગદર્શન-આદેશ કરવામાં આવશે, તો સાધ્વીજીઓ આજની તારીખમાં ૮૦% થી પણ વધુ વિહાર ઘટાડી શકે એમ છે. અને એ એમના ફાયદા માટે, સંઘના ફાયદા માટે જ છે. નુકસાન માટે નથી જ.

પણ આ વસ્તુ વડીલોએ વિચારવાની છે. શ્રાવક-શ્રાવિકાઓ માટે આ ચિંતન-ચર્ચાનો વિષય ઓછો છે, માટે એના ઉપર અહીં વિસ્તાર કરતો નથી.

વળી આ વિષય ઉપર વિરતિદૂતમાં, સ્વાધ્યાયમાર્ગદર્શિકા પુસ્તકમાં પ્રશ્નોત્તરી વિભાગમાં પુષ્કળ પ્રમાણમાં લખી ચૂક્યો છું... જેને ખરેખર આ બધું જાણવાનો રસ હોય, તેઓ મને જણાવે. હું એ બધું લખાણ એમને મોકલી આપીશ. તેઓ રૂબરૂ મળશે, તો એમને બધા જ પદાર્થો વ્યવસ્થિત સમજાવી શકીશ.

<u>સાર :</u>

મુખ્યત્વે સાધ્વીજી ભગવંતોને વિહારમાં માણસોના ખર્ચાદિ માટે ચિંતા કરવી પડે, યાચના કરવી પડે, દીનતા દેખાડવી પડે, પેઢી પર બે-ચાર વાર જવું પડે... આવું કોઈપણ ભોગે ન જ ચાલે... એ અટકવું જ જોઈએ.

— x — x —